સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી
ખાસ દસ્તાવેજી ચિત્રના નિર્માર્ણના ભાવો નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર
માહિતી અને પ્રસારણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃફલમ/૧૦૨૦૦૮/૨૧૭૦/બ
સચિવાલય, ગાંધીનગર.
તા. 8 DEC 2008

વંચાણે લીધા-

(૧) માહિતી અને પ્રસારણ વિભાગનો તા.૨૪.૩.૧૯૯૯ના ઠરાવ ક્રમાંકઃઈનફ/૧૮૮૬/૩૧૯૩/ ભાગ-૧/બ.
(૨) માહિતી કમિશ્નરશ્રીની કચેરીના તા.૨૮.૭.૦૮ના પત્ર ક્રમાંકઃમાહિતી/કિ.પ્રો.-૧૦૨૦૦૮/ ૪૫.
(૩) માહિતી કમિશ્નરશ્રીની સીંગલ ફાઈલ નોંધ તા.૨૭.૧૦.૨૦૦૮.

પ્રસ્તાવનાઃ-

સંદર્ભ(૧)માં દર્શાવેલ ઠરાવથી માહિતી ખાતા ધ્વારા નિર્માણ કરાતા ટી.વી.દસ્તાવેજી ચિત્રના નિર્માણ ભાવ રૂા.૩૦,૦૦૦/- થી વધારી રૂા.૪૦,૦૦૦/-નિયત કરવામાં આવ્યા હતા. વર્તમાન સમયમાં ઉપયોગમાં લેવાતી ટેકનોલોજી તથા તેને આનુષાંગિક સાધન સામગ્રી શુટીંગ, એડીટીંગ, મિક્ષીંગમાં વપરાતા કૌશલ્યને ધ્યાને લઈને રૂા.૪૦,૦૦૦/-થી વધારી મહત્તમ રૂા.૬૫,૦૦૦/-ના ભાવ નિયત કરવા અંગેની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

વિશેષમાં, રાજય સરકારે વર્ષ-૨૦૧૦ને ગુજરાત રાજયની સ્થાપનાના સુવર્ણ જયંતિ વર્ષ તરીકે ઉજવવાનું નકકી કરેલ છે. રાજયનો દરેક વ્યકિત આ કાર્યકમમાં જોડાઈ લોકભાગીદારીથી સ્વ વિકાસ અને સમાજના વિકાસ માટે સંકલ્પબધ્ધ બને તે માટે સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના કાર્યકમના ભાગ રૂપે ૫૦ વર્ષના રાજયના ઈતિહાસના સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી નિમિત્તે **"સુવર્ણમાલા"** ના ૫૦ એપિસોડના ખાસ પ્રકારના દસ્તાવેજી ચિત્રો થશે જેમાં સંદર્ભ.અને સંશોધનના વિવિધ ક્ષેત્રે થયેલ ૫૦ વર્ષનો ઈતિહાસ, વિકાસ, ગુજરાતની ગૌરવપૂર્ણ બાબતો, પ્રવાસ,આદિજાતિ વિકાસ, વંચિતોનો વિકાસ,નર્મદા,ગ્રેસ ક્ષેત્રે વિકાસ,વિજળી, રસ્તા, જેવી આંતર માળખાકીય સવલતો વગેરેને આવરી લઈ મલ્ટીમિડીયા દસ્તાવેજી ચિત્રો બનાવવા તેમજ સુવર્ણમાલાના ૫૦ એપિસોડ માટે પ્રતિ એપિસોડ રૂા.૪,૦૦,૦૦૦/-વત્તા ટેક્ષ નિયત કરવા માહિતી કમિશ્નરશ્રીએ દરખાસ્ત કરેલ છે.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે, સંદર્ભ(૩)માં દર્શાવેલ માહિતી કમિશ્નરશ્રીની તા.૨૭.૧૦.૨૦૦૮ની સિંગલ ફાઈલ દરખાસ્ત મુજબ ટી.વી. દસ્તાવેજી ચિત્રોના નિર્માર્ણની મર્યાદા રૂા.૪૦,૦૦૦/-થી વધારી રૂા.૬૫,૦૦૦/- કરવા અને વિશેષ મલ્ટી મીડીયા દસ્તાવેજી ચિત્રોના નિર્માર્ણ અને સુવર્ણમાલાના ૫૦ એપિસોડ તેમજ ખાસ પ્રસંગોએ બતાવવાની થતી પ્રેઝન્ટેશન પ્રકારની દસ્તાવેજી ફિલ્મ ભાવ રૂા.૪,૦૦,૦૦૦/-ના ટેક્ષ માટેની આથી મંજુરી આપવામાં આવે છે.

આ ઠરાવ, આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૯.૧૧.૨૦૦૮ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રોનક મહેતા)
સેકશન અધિકારી,
માહિતી અને પ્રસારણ વિભાગ.

પ્રતિ,
(૧) માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
(૨) માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર.
(૩) માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, (મા.પ્ર.) સચિવાલય ગાંધીનગર.
(૪) માહિતી કમિશ્નરશ્રી, માહિતી કમિશ્નરની કચેરી, ડૉ.જીવરાજ મહેતા, ભવન, ગાંધીનગર.
(૫) ડાયરેકટર જનરલશ્રી, સ્વર્ણિમ ગુજરાત, ઉજવણી સમિતિ, સચિવાલય, ગાંધીનગર
(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ